GJGS020002612014

दाखल तारीखः–१७/०४/२०१४
રજીસ્ટર તારીખઃ– ૧૭/૦૪/૨૦૧૪
ફેસલ તારીખઃ–૨૦/૧૧/૨૦૨૫
સમયગાળોઃ–**વર્ષ, માસ, દિવસ**
**૧૧–૦૭–૦૩**

**એડીશ્નલ સીનીયર સીવીલ જજ અદાલત, જી.ગીર સોમનાથ, મુ. વેરાવળ**

**સ્પેશીયલ દિવાની મુકદમા નંબર–૩૨/૨૦૧૪**
**આંક–72**

**વાદીઓ– ગુજ.મલેક અલી મીરાજીના વારસ પુત્ર**
**ગુજ.મલેક સુલતાન અલીની વારસ પુત્રી**
**ચાંદુબેન ડો./ઓ.સુલતાન મલેકના વારસો**

(૧) ~~વિધવા ફાતમાબેન વા/ઓ.હુશેન–રહેમાન–મલંગ~~
~~(તે ચાંદુબેન સુલતાનના વારસ પુત્ર હુશેન રહેમાનના ધર્મપત્ની)~~
~~ઉ.વ.આ.૬૦, ધંધો: ખેતી તથા ઘરકામ~~

**(આંક–૯૩ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ વાદી નં.૧ ને ડીલીટ કરી ક્રમ નંબરમાં સુધારો કર્યો)**

**(૧) હારૂન હુશેન મલંગ,**
ઉ.વ.આ.૩૩, ધંધો:– ખેતી

**(૨) ઈમરાન હુશેન મલંગ**
ઉ.વ.આ.૨૪, ધંધો:– ખેતી

**(૩) રશીદાબેન ડો./ઓ.હુશેન મલંગ**
તે વા./ઓ.અયુબ યુસુફ સુમરા
ઉ.વ.આ.૨૬, ધંધોઃ– ખેતી તથા ઘરકામ
ઠે.હીરણ નદી પાસે, બજાજવાડીમા,
રહે.તમામ પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ :–(૧) ગુજ.સુલતાન અલી મલેકના વારસ પુત્ર**

**(૧/૧) ગુજ.મીરાજી સુલતાનના વારસો**

**(૧/૧/૧) કાલુભાઈ મીરાજી મલેક,** ઉ.વ.આ.૫૫, ધંધોઃ– ખેતી

**(૧/૧/૨) ગુજ.નુર મીરાજી મલેકના વારસો** **(આંક–૧૫૪ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ વારસો જોડયા)**

**(૧/૧/૨/૧) હલીમા નુર મલેક,**
ઉ.વ.આ.૫૦, ધંધો:– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૨/૨) અમીના ડો./ઓ.નુર મલેક**
તે વા./ઓ.અનવર ગાજી,
ઉ.વ.આ.૩૦, ધંધોઃ– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૨/૩) રોજીના ડો./ઓ.નુર મલેક તે વા./ઓ.શકીલ મલેક**
ઉ.વ.આ.૨૮, ધંધોઃ– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૨/૪) યાસ્મીન ડો./ઓ.નુર મલેક તે વા./ઓ.ઈરફાન બેલીમ**
ઉ.વ.આ.૨૬, ધંધોઃ– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૨/૫) હશન નુર મલેક**
ઉ.વ.આ.૨૭, ધંધોઃ– ખેતી

**(૧/૧/૨/૬) સાબીરા નુર મલેક**
ઉ.વ.આ.૨૧, ધંધો:– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૨/૭) સબ્બીર નુર મલેક**
ઉ.વ.આ.૧૯, ધંધોઃ– ખેતી

**(૧/૧/૨/૮) વસીમ નુર મલેક**
ઉ.વ.આ.૧૮, ધંધોઃ– ખેતી
હે.મદિના કોલોની, ડોશીઆંબા રોડ,
રહે.તમામ પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**(૧/૧/૩) ગુજ.મહંમદ મીરાજી મલેકના વારસો**

**(૧/૧/૩/૧) હવાંજી મહમદ મલેક**
ઉ.વ.આ.૫૫, ધંધો:– ઘરકામ તથા ખેતી
હે.શાબરી કોલની,ડોશીયામ રોડ
રહે. પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**(૧/૧/૩/૨) અમીના ડો./ઓ.મહંમદ મલેક**

**તે વા./ઓ.હનીફ મલંગ**
ઉ.વ.આ.૨૮, ધંધોઃ– ખેતી તથા ઘરકામ
ઠે.કંકાઈની કાદી, પાતાવાવ,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**(૧/૧/૩/૩) શબાના ડો./ઓ.મહંમદ મલેક**
**તે વા./ઓ.ફેઝલ મલેક**
ઉ.વ.આ.૨૫, ધંધો:– ખેતી તથા ઘરકામ
ઠે.શાબરી કોલોની, ડોશીયામ રોડ,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**(૧/૧/૩/૪) રૂકશાના ડો./ઓ.મહંમદ મલેક**
**તે વા./ઓ.અફઝલ મલેક**
ઉ.વ.આ.૨૨, ધંધોઃ– ખેતી તથા ઘરકામ,
ઠે.મુસ્તફા મસ્જીદની સામેની ગલી,
સોમનાથ ટોકીઝની પાછળ,
રહે.વેરાવળ, જી.ગીરસોમનાથ.

**(૧/૧/૩/૫) રૂબીના ડો./ઓ.મહંમદ મલેક**
ઉ.વ.આ.૨૬, ધંધોઃ– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૩/૬) સમીના ડો./ઓ.મહંમદ મલેક**
ઉ.વ.આ.૨૦, ધંધોઃ– ખેતી તથા ઘરકામ

**(૧/૧/૩/૭) હુશેન મહંમદ મલેક**
ઉ.વ.આ. ૧૮, ધંધો:– ખેતી
ઠે.શાબરી કોલોની, રોકડીયા કોલોની,
ડોશીયામ રોડ,
રહે.તમામ પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**(૧/૧/૪) ઈસુબ મીરાજી મલેક**
ઉ.વ.આ.૪૫, ધંધો:– મજુરી તથા ખેતી
ઠે.સોરઠ ટીમ્બર પાસે, આડો ધોળીયો
રહે.તમામ પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

**(૨) ગુજ.મીરાજી સુલતાનની વારસ પુત્રી**
**(૨/૧) ગુજ.હવાબેન મીરાજીના વારસ**
**(૨/૧/૧) ફૈઝલ નુર મલેક**
ઉ.વ.આ.૨૦, ધંધો:– ખેતી તથા મજુરી

ઠે.પતરાવાલી ચાલ, રહે.અંધેરી (મુંબઈ).

(૩) **ગુજ.ચાંદ સુલતાન મલેકના વારસો**
(૩/૧) **બુવાજી તે વા./ઓ. ચાંદ સુલતાન મલેક,**
ઉ.વ.૭૫, ધંધો–ઘરકામ

(૩/૨) **હલીમાબેન ડો./ઓ.ચાંદ સુલતાન મલેક**
**તે વા./ઓ.નુર મીરાજી મલેક**
ઉ.વ.આ.૪૫, ધંધો:– ઘરકામ
ઠે.સોરઠ ટીમ્બર પાસે, આડો ધોળીયો
રહે.બંને પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૩/૩) **બીબીબેન ડો./ઓ.ચાંદ સુલતાન મલેક**
**તે વા./ઓ.યુસુફ રહેમાન મલંગ,**
ઉ.વ.આ.૪૦, ધંધોઃ– ઘરકામ,
ઠે.દ્રારકેશ પાર્કની બાજુમા, હોટલ લોર્ડ ઈન સામે,
બાયપાસ રોડ,આનંદકુમાર ઝા ના ઘરની સામે,
રહે. પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૪) **ગુજ.અલી સુલતાન મલેકના વારસો**
(૪/૧) **કાલીબેન અલી સુલતાન**
ઉ.વ.આ.૬૫, ધંધોઃ– ઘરકામ

(૪/૨) **ઈસ્માઈલ અલી મલેક**
ઉ.વ.આ.૪૦, ધંધો:– મજુરી તથા ખેતી

(૪/૩) **સલીમ ઉર્ફે કાલાભાઈ અલી મલેક**
ઉ.વ.આ.૩૭, ધંધોઃ– મજુરી તથા ખેતી

(૪/૪) **હસન અલી મલેક**
ઉ.વ.આ.૩૦, ધંધો:– મજુરી તથા ખેતી

(૪/૫) **ઈકબાલ અલી મલેક**
ઉ.વ.આ.૨૮, ધંધો:– મજુરી તથા ખેતી
ઠે.હોટલ સુખસાગર પાસે, દ્રારકેશ પાર્કની બાજુમા
બાયપાસ રોડ,
રહે.બધા પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૪/૬) **રાબુબેન ડો./ઓ.અલી મલેક**
**તે વા./ઓ.યુસુફ ઈસ્માઈલ ગાજી**
ઉ.વ.આ.૨૨, ધંધો:– ઘરકામ
ઠે.હિરણ નદી પાસે, બજાતવાડી
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૪/૭) **મરીયમબેન ડો./ઓ.અલી મલેક**

**તે વા./ઓ.અબ્દુલ મહંમદ બેલીમ**
ઉ.વ.આ.૩૧, ધંધોઃ– ઘરકામ
ઠે.હીરણ નદી પાસે, માર્કેટીંગ યાર્ડની પાછળ
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૪/૮) **રોજીનાબેન ડો./ઓ.અલી મલેક**
**તે વા./ઓ.જાવેદ રહેમાન મલેક**
ઉ.વ.આ.૨૧, ધંધો:– ઘરકામ

(૪/૯) **ફરીદાબેન ડો./ઓ.અલી મલેક**
**તે વા./ઓ.હુશેન જમાલ મલેક**
ઉ.વ.આ.૪૦, ધંધોઃ–ઘરકામ
ઠે.હોટલ સુખસાગર પાસે, દ્વારકેશ પાર્કની બાજુમા
બાયપાસ રોડ, રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ

(૫) **ગુજ.ગની સુલતાન મલેકના વારસો**
(૫/૧) **જુબીબેન ડો./ઓ.પ્યાર પરમાર**
**તે વા./ઓ.ગની સુલતાન મલેક**
ઉ.વ.આ.૫૫, ધંધો:– ઘરકામ
ઠે.હોટલ સુખસાગર પાસે, દ્વારકેશ પાર્ક,
બાયપાસ રોડ, રહે. પ્રભાસ પાટણ, તા.વેરાવ.

(૫/૨) **જરીનાબેન ડો./ઓ.ગની મલેક**
**તે વા./ઓ.ઈભરામ કાલુ મલંગ**
ઉ.વ.આ.૩૪, ધંધો:–ઘરકામ
ઠે.હીરણનદી પાસે, બજાતવાડી
રહે. પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૫/૩) **શહેનાઝ ડો./ઓ. ગની મલેક**
**તે વા./ઓ.સુલતાન રહેમાન મલેક**
ઉ.વ.આ.૩૨, ધંધોઃ– ઘરકામ
ઠે.હોટલ સુખસાગર પાસે, દ્વારકેશ પાર્ક, બાયપાસ રોડ
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૬) **ગુજ.ચાંદુબેન સુલતાનના વારસો**
**(તે વા./ઓ. રહેમાન મલંગ)**

(૬/૧) **રહેમાન હુશેન મલંગ**
ઉ.વ.આ.૩૦, ધંધોઃ– મજુરી તથા ખેતી
ઠે.મદાર ઓટો ચોક, હુશેન બુઢાના મકાનમા,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૬/૨) **યુસુફફ રહેમાન મલંગ**
ઉ.વ.આ.૪૫, ધંધો:– ખેતી તથા મજુરી
ઠે.દ્વારકેશ પાર્કની બાજુમા, બાયપાસ રોડ

રહે. પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૬/૩) **ગુજ.બીબીબેન ડો./ઓ. રહેમાન મલંગ તે વા./ઓ.મલંગના વારસો** **(આંક–૭૦ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ વારસો જોડીયા)**

(૬/૩/૧) **હુશેન કાલુ મલંગ**
ઉ.વ.આ.૪૦, ધંધોઃ– મજુરી,

(૬/૩/૨) **અલી કાલુ મલંગ**
ઉ.વ.આ.૩૮, ધંધો– મજુરી,

(૬/૩/૩) **ઈબ્રાહીમ કાલુ મલંગ**
ઉ.વ.આ.૩૬, ધંધોઃ– મજુરી

(૬/૩/૪) **રેમાન કાલુ મલંગ**
ઉ.વ.આ.૨૮, ધંધોઃ– ડ્રાઈવીંગ
ઠે.હીરણ નદી પાસે, બજાત વાડી,
સુર્યવંશી સોસાયટી પાછળ
રહે.તમામ પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૬/૩/૫) **સાબીરા વા./ઓ.નુરભાઈ મલેક,**
ઉ.વ.આ.૪૮, ધંધોઃ– ઘરકામ,
ઠે.નુરાની મસ્જીદ પાસે, શાહીન કોલોની
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૬/૩/૬) **મરીયમ વા./ઓ.ઈસ્માઈલ મુલતાની,**
ઉ.વ.આ.૩૯, ધંધોઃ–ઘરકામ,
ઠે.સાબરી મસ્જીદ પાછળ, લખાતવાડી,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૬/૩/૭) **હવાબેન વા./ઓ.ઈસુબભાઈ થોરડીવાળા,**
ઉ.વ.આ.૩૫, ધંધોઃ– ઘરકામ,
રહે.થોરડી, તા.સુત્રાપાડા.

(૬/૩/૮) **ગુજ. તસ્લીમ વા/ઓ. આસીફ પંજાની વારસ પુત્રી** **(આંક–૧૩૮ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ વારસો જોડયા)**

(૬/૩/૮/૧) **સગીર અસ્મતુન આસીફ પંજા,**
ઉ.વ.આ.૧૦, ધંધો–અભ્યાસ
તે સગીરના કુદરતી વાલી અને
પિતાશ્રી આસીફભાઈ પંજા દ્વારા

ઠે.નવા પ્લોટમા, નુરભાઈ ચકકીવાળાની બાજુમા
રહે.ગોવિંદપરા, તા.વેરાવળ, જી.ગીર સોમનાથ.

(૬/૩/૯) **રોજીના વા./ઓ.મુસ્તાકભાઈ મલેક,**
ઉ.વ.આ.૨૪, ધંધોઃ–ઘરકામ,
ઠે.નવા પ્લોટમા, ચકકી વાળી ગલીમા,
રહે.ગોવિંદપરા, તા.વેરાવળ

(૬/૪) **મરીયમબેન ડો./ઓ.રહેમાન મલંગ તે વા./ઓ.કાલુ મલેક**
ઉ.વ.આ.૫૦, ધંધો:–ઘરકામ ઠે.સોરઠ ટીમ્બર પાસે,
આડો ધોળીયો, રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ

(૭) **ગુજ. મોતીબેન ડો./ઓ.રહેમાન મલંગ**
**તે વા./ઓ.ગુલામ પરમારના વારસો**

(૭/૧) **મુમતાઝબેન ડો./ઓ.ગુલામ પરમાર**
**તે વા./ઓ.ગફાર કાલુ મલેક**
ઉ.વ.આ.૩૦, ધંધો–ઘરકામ
ઠે.સોરઠ ટીમ્બર પાસે, આડો ધોળીયો
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ

(૭/૨) **ફરજાનાબેન ડો./ઓ. ગુલામ પરમાર**
**તે વા./ઓ.ઈકબાલ મલેક**
ઉ.વ.આ.૨૮, ધંધોઃ– ઘરકામ
ઠે.સોમનાથ મંદિર પાસે, પઠાણવાડા, બેલીમ શેરી
હોટલ સોમ દર્શન પાસે,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૮) **ગુજ.મોતીબેન ડો./ઓ. સુલતાન મલેક**
**તે વા./ઓ.હુશેન ઈબ્રાહીમ ગોવાલના વારસો**

(૮/૧) **અ.રહેમાન હુશેન ગોવાલ**
ઉ.વ.આ.૬૪, ધંધોઃ–ખેતી
ઠે.મોઈન મંઝિલ, મદ્રેસા સ્કુલ પાસે, ગુલાબ નગર
રહે. પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૮/૨) **ઈકબાલ હુશેન ગોવાલ**
ઉ.વ.આ.૫૪, ધંધોઃ– ખેતી
ઠે.નુરાની મસ્જિદ સામે, શાહીન કોલોની
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૮/૩) **એમનભાઈ હુશેન ગોવાલ**
ઉ.વ.આ.૫૦, ધંધો:– નોકરી તથા ખેતી,
ઠે. મોઈન મંઝિલ, મદ્રેસા સ્કુલ પાસે, ગુલાબનગર
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૯) **ગુજ.હુશેન સુલતાન મલેકના વારસો** (આંક–૭૦ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ વારસો જોડીયા)

(૯/૧) **વિધવા અમીનાબેન હુશેનભાઈ મલેક**
ઉ.વ.આ.૬૭, ધંધો:– ઘરકામ

(૯/૨) **રફીક હુશેન મલેક**
ઉ.વ.આ.૪૫, ધંધો:– ખેતી
ઠે.હોટલ સુખસાગર પાસે, બાયપાસ રોડ
રહે.બંને પ્રભાસ પાટણ.

(૯/૩) **સાબીરાબેન વા./ઓ.અબ્દ્રેમાનભાઈ નાખવા**
ઉ.વ.આ.૪૭, ધંધો–ઘરકામ
ઠે.ચાંદ ખતાલ દરગાહ પાસે, સીમ વાડી
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૯/૪) **ફરજાના વા./ઓ.ઈબ્રાહીમ મલેક**
ઉ.વ.આ.૪૦, ધંધોઃ– ઘરકામ
ઠે.મીઠાપુરની સીમમા, કનકાઈ માતાજીના મંદિર પાસે,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૯/૫) **રૂખશાના વા./ઓ.આશીફભાઈ ચાપડ**
ઉ.વ.આ.૩૫, ધંધોઃ– ઘરકામ
ઠે.હોટલ સુખસાગરની બાજુમા, સોમનાથ બાયપાસ રોડ
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૯/૬) **હલીમા વા./ઓ.યાસીન બાગજી**
ઉ.વ.આ.૩૦, ધંધો:– ઘરકામ
ઠે.આઈ.ડી.ચૌહાણ સ્કુલની પાછળ,
સેન્ટ કૌષર સ્કુલની સામે, રહે.વેરાવળ, તા.વેરાવળ.

(૧૦) **ગુજ. રહેમાન સુલતાન મલેકના વારસો,** (આંક–૧૪૮ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ વારસો જોડયા)

(૧૦/૧) **સુલતાન રહેમાન મલેક**
ઉ.વ.આ.૪૦, ધંધો:– ખેતી તથા નોકરી,
ઠે.દ્વારકેશ પાર્ક, બાયપાસ રોડ સોરઠ ટીમ્બર્સની સામે,
રહે.પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૧૦/૨) **રજીયા ડો./ઓ.રહેમાન મલેક**
**તે વા./ઓ.નજીરભાઈ ખુશાલ**
ઉ.વ.આ.૩૯, ધંધોઃ– ખેતી તથા ઘરકામ
ઠે.સુમરા શેરી, જૂનુ ગામતળ
રહે.ગોવિંદપરા, તા.વેરાવળ.

(૧૦/૩) **હારૂન રહેમાન મલેક**
ઉ.વ.આ.૪૬, ધંધો:- ખેતી તથા નોકરી

(૧૦/૪) **સતાર રહેમાન મલેક**
ઉ.વ.આ.૩૮, ધંધો:- ખેતી તથા નોકરી

(૧૦/૫) **આયશુ ડો./ઓ.રહેમાન મલેક**
ઉ.વ.આ.૪૫, ધંધો:- ખેતી તથા ઘરકામ
ઠે.દ્વારકેશ પાર્ક, બાયપાસ રોડ સોરઠ ટીમ્બર્સની સામે,
રહે.તમામ પ્રભાસ પાટણ, તા.વેરાવળ.

(૧૦/૬) **આસમીન ડો./ઓ. રહેમાન મલેક તે વા./ઓ. સબીરભાઈ પંજા,** **(આંક-૧૫૧ ની અરજી હેઠળ થયેલ હુકમ મુજબ સુધારો કર્યો)**
ઉ.વ.આ.૩૩, ધંધો-ઘરકામ,
ઠે. નાના બહારકોટ, મતવા શેરી,
રહે. વેરાવળ, જી.ગીર સોમનાથ.

==========================================

**વાદીઓ તર્ફે વિ.વ.શ્રી એ.એ.ભાદરકા**
**પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૯ તથા ૫/૧ થી ૫/૩ તથા નં.૯/૧ થી ૯/૬ તથા નં.૧૦ તર્ફે વિ.વ.શ્રી આર.એ.સીરાજી**
**પ્રતિવાદી નં.૧,૩,૬,૭,૮ તરફે વિ.વ.શ્રી એ.આઈ.સુમરા.**

==========================================

| | |
|---|---|
| દાવોઃ- | **મુસ્લિમ શરીયત મુજબ થતો હકક, હિસ્સો અલગ ઠરાવી આપી તેનો પ્રત્યક્ષ, શાંત, ખાલી કબજો મેળવવા અને કબજો મળતા સુધી દરમ્યાન ઉપજની રકમ મેળવવા અને હકક, હિસ્સો ન મળે ત્યાં સુધી દાવાવાળી જમીન-મિલ્કત પરત્વે કાયમી પ્રતિબંધક મનાઈ હુકમ મેળવવા...** |

## ::- ચુ કા દો -::

**દાવા અરજીની હકિકત સંક્ષિપ્તમાં**

(૧) વાદીના દાવાની હકીકત એવી છે કે, વાદીઓ શહેર પ્રભાસ-પાટણ મુકામે રહે છે. આ કામના પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૨/૧/૧ મુંબઈ મુકામે રહે છે, અને તે સીવાયના તમામ પ્રતિવાદીઓ શહેર પ્રભાસ પાટણ મુકામે રહે છે, અને વાદીઓ તથા પ્રતિવાદીઓ ગુજ.મલેક અલી મીરાજીના ઉતરોતરના કાયદેસરના વારસદારો

થાય છે. વેરાવળ તાલુકાના શહેર પ્રભાસ પાટણના સીટી સર્વે બ્લોક નં.બી, સીટી સર્વે નં.૩૪૮ ચો.મી.૨૯–૧૭–૧૬ તથા સીટી સર્વે બ્લોક નં.બી, સીટી સર્વે નં.૩૪૭ ચો.મી.૪૦–૦૪–૧૩ ના ક્ષેત્રફળવાળી સ્થાવર મિલ્કત શહેર પ્રભાસ પાટણમા ગુજ.મલેક અલી મીરાજીના નામે આવેલ હતી. આ બંને મિલ્કતો પૈકી સીટી સર્વે બ્લોક નં.બી, સીટી સર્વે નં.૩૪૭ વાળી મિલ્કત મકાન વેચી નાખેલ હોવાનુ તા.૧૮–૩–૨૦૧૪ ના રોજ પ્રોપર્ટી કાર્ડની ખરી નકલ કઢાવતા જાણવા મળેલ છે, તેમજ શહેર પ્રભાસ–પાટણની સીમમા રેવન્યુ સર્વે નં.૭૮૦/૧, ૧૧૨૭ તથા સ.નં. ૧૨૮૦ વાળી ખેતીની જમીનો મુળ પટણી સુલતાન અલીના ખેડખાતે આવેલ હતી અને એ રીતે સુલતાન અલી મલેક પ્ર.પાટણ મુકામે ગુજરી જતા તેમની કૌટુંબીક વંશાવલી નીચે મુજબની વિગતે આવેલ છે.

(૧) ગુજ.સુલતાન અલી મલેકના વારસો

||

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજ.વિ.ફાતિમા, | ગુજ.મીરાજી, | ગુજ.ચાંદ, | ગુજ.અલી, | હુશેન, | રહેમાન, | ગુજ.ગની, | ગુજ.ચાદુબેન | ગુજ.મોતીબેન |
| પત્ની | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્રી | પુત્રી |

ઉપરોકત વિગતે ગુજ.સુલતાન અલી મલેકને છ પુત્રો અને બે પુત્રીઓ આવેલી છે તે પૈકી પુત્ર મીરાજી, પુત્ર ચાંદ, પુત્ર અલી, પુત્ર ગની, પુત્રી ચાંદુ તથા પુત્રી મોતીબેન શહેર પ્રભાસ પાટણમા ગુજરી ગયેલ છે, તેમની કૌટુંબીક વંશાવલી નીચે મુજબની વિગતે આવેલ છે.

(૧) ગુજ.મીરાજી સુલતાનના વારસો

||

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગુજ.માણેકજી, | કાલુ, | નુર | મહંમદ | ઈસુબ | ગુજ.હવાબેન |
| પત્ની | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્રી |
| | | | | | ફૈઝલ નુર મલેક (મુંબઈ) |

(૨) ગુજ.ચાંદ સુલતાન મલેકના વારસો

|

---------------------------------------

| | |

બુવાજી વા./ઓ.ચાંદ, પત્ની | હલીમા વા./ઓ. નુર મીરાજી પુત્રી | બીબીબેન વા./ઓ. યુસુફ રહેમાન પુત્રી

(૩) ગુજ.અલી સુલતાન મલેકના વારસો

||

---------------------------------------

કાલીબેન પત્ની | ઈસ્માઈલ પુત્ર | સલીમ ઉર્ફે કાલા પુત્ર | હસન પુત્ર | ઈકબાલ પુત્ર | રાબુબેન પુત્રી | મરીયમબેન પુત્રી | રોજીના પુત્રી | ફરીદા પુત્રી

(૪) ગુજ.ગની સુલતાન મલેકના વારસો

|

---------------------------------------

જુબીબેન, પત્ની | જરીનાબેન પુત્રી | શહેનાઝ પુત્રી

(૫) ગુજ.ચાંદુબેન સુલતાનના વારસો
(તે વા./ઓ. રહેમાન મલંગ)

|

---------------------------------------

ગુજ.હુશેન, | યુસુફ | બીબીબેન | મરીયમબેન | ગુજ.મોતીબેન

ગુજ.મોતીબેન:

----------

મુમતાઝ પુત્રી | ફરજાના પુત્રી

---------------------------------------

| | | | | |
|---|---|---|---|---|
| વિ.ફાતિમાબેન | રહેમાન | હારૂન | ઈમરાન | રસીદા |
| પત્ની | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્રી |

(૬) ગુજ.મોતીબેન સુલતાન મલેકના વારસો
(તે વા./ઓ. હુશેન ઈબ્રાહીમ ગોવાલ)

| | | |
|---|---|---|
| અ.રહેમાન | ઈકબાલ | (૧) ગુજ.સુલતાન |

અલી મલેકના વારસો

||

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજ.વિ.ફાતિમા, | ગુજ.મીરાજી, | ગુજ.ચાંદ, | ગુજ.અલી, | હુશેન, | રહેમાન, | ગુજ.ગની, | ગુજ.ચાદુબેન | ગુજ.મોતીબેન |
| પત્ની | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્રી | પુત્રી |
| | એમન | | | | | | | |
| પુત્ર | | | પુત્ર | | | | | પુત્ર |

ઉપરોકત વિગતે ગુજ.સુલતાન અલી મલેકના વાદીઓ તથા પ્રતિવાદીઓ ઉતરોતરના કાયદેસરના વારસદારો થાય છે, વાદીઓ ગુજ.સુલતાન અલી મલેકની પુત્રી ચાંદુબેન સુલતાનના વારસ પુત્ર હુશેન રહેમાન મલંગના વાદી નં.૧ ના પત્ની થાય છે. અને વાદી નં.૨, ૩ તથા ૪ સંતાનો થાય છે, અને પ્રતિવાદી નં.૬/૧ વાદી નં.૧ નો પુત્ર થાય છે, અને એ રીતે દાવાવાળી જમીનોના વાદીઓ કાયદેસરના વારસદારો છે, જે મિલ્કતની વિગત નીચે મુજબની વિગતે આવેલ છે.

(૧) પ્રભાસ પાટણના સીટીસર્વે બ્લોક નં.બી, સીટીસર્વે નં.૩૪૮ ચો.મી. ર૯–૧૭–૧૬ વાળુ મકાન તથા પ્રભાસ પાટણના રે.સ.નં.૭૮૦/૧ હે.૦–ર૦–ર૩ આરે. આકાર રૂા.૧–૮૧ પૈસાવાળી ખેતીની જમીન તથા રે.સ.નં.૧૧ર૭ પૈકી–ર એકર : ર–૧૧ ગુઠા આકાર રૂા.ર–પ૭ પૈસા.

**(૧.૧)** પ્રભાસ–પાટણના રે.સ.નં. ૧ર૮૦ વાળી ખેતીની જમીનો જે પટણી સુલતાન અલીના ખેડખાતે આવેલ હતી તે આ કામના પ્રતિવાદીઓએ અંદરો અંદર મળી જઈ

ભાગબટાઈ કરી વેચી નાખેલ છે જે હકીકત તા.૧૮–૩–૨૦૧૪ ના રોજ રેવન્યુ રેકર્ડની નકલો ઉપરથી જાણવા મળેલ છે તેમજ સીટીસર્વે બ્લોક નં.બી, સીટીસર્વે નં.૩૪૭ ચો.મી.૪૦–૦૪–૧૪ વાળુ મકાન પણ વેચી નાખેલ છે જે હકીકત પણ તા.૧૮–૩–૨૦૧૪ ના રોજ મેળવેલ પ્રોપર્ટીકાર્ડની ખરી નકલ ઉપરથી જાણવા મળેલ છે. ઉપરોકત વિગતે આ કામના પ્રતિવાદીઓ અંદરો અંદર મળી જઈ ગુજ.અલી મીરાજી તથા સુલતાન અલીના વારસદારોની સાચી હકીકતો ડુબમા રાખી તેમજ વાદીઓને અંધારામા રાખી ખોટી વારસાઈ નોંધો પડાવી અંદરો અંદર ભાગબટાઈ કરી ઉપરોકત મિલ્કતો પૈકી એક મકાન તથા સ.નં.૧૨૮૦ વાળી જમીન વેચી નાખેલ છે જે હકીકતની વાદીઓને ત્યારે ખબર પડી કે, આ કામના પ્રતિવાદીઓએ સ.નં.૭૮૦/૧ તથા ૧૧૨૭/પૈકી–૨ જેના હેકટર ૦–૯૨–૦૭ આરે. વાળી જમીન વેચી નાખવા અંગે તજવીજ કરતા હોવાનુ વાદીઓને જાણવા મળતા વાદીઓએ તા.૧૮–૩–૨૦૧૪ ના રોજ રેવન્યુ રેકર્ડ તથા પ્રોપર્ટી કાર્ડની ખરી નકલો કઢાવતા ત્યારે વાદીઓને જાણવા મળેલ કે, સ.નં.૧૨૮૦ તથા સીટીસર્વે બ્લોક નં.બી, સીટીસર્વે નં.૩૪૭ વાળુ મકાન વેચી નાખેલ હોવાનુ જાણવા મળેલ, જેથી વાદીઓએ રેવન્યુ રેકર્ડની નકલો કઢાવ્યા બાદ આ કામના પ્રતિવાદીઓને ગઈ તા.૨૦–૩–૨૦૧૪ ના રોજ રૂબરૂ મળી જણાવેલ કે, તમોએ અમોને અંધારામા રાખીને ખોટી વારસાઈ નોંધ પડાવી લઈ અને ખોટી રીતે ભાગ બટાઈ કરી લઈ અને જમીનોની અંદરો અંદર મળી જઈ વહેચણી કરી લઈ અને અમોને કોઈપણ જાતનો વારસાઈ હકક, હિસ્સો આપ્યા વગર કે, અમારી સહી, સંમતી વગર તમોએ જમીન તથા મકાન વેચી નાખેલ છે તે વ્યાજબી ન ગણાય તેથી હવે સ.નં.૭૮૦/૧ તથા સ.નં. ૧૧૨૭/પૈકી–૨ વાળી જમીન તમો વેચવા કાઢેલ છે તેથી તે જમીનમા મુસ્લિમ શરીયત મુજબ અમો વાદીઓનો હકક, હિસ્સો થાય છે તે હકક, હિસ્સાની વિગતે અમોને અમારા હિસ્સાની જમીન–મિલ્કત આપવા આ કામના પ્રતિવાદીઓને જણાવતા તેઓએ વાદીઓને ઉડાઉ જવાબ આપેલ અને જણાવેલ કે, અમારા નામે એન્ટ્રીઓ પડી ગયેલ છે, અને અમોએ ભાગ બટાઈ કરી જમીનો વેચી નાખેલ છે, અને હવે આ સર્વે નં.૭૮૦/૧ તથા ૧૧૨૭/પૈકી–૨ વાળી જમીન પણ વેચી નાખીશુ તમારે જયા દોડવુ હોય ત્યાં દોડવાની છુટ છે, તે મતલબની ધમકી આપેલ. વાદીઓ તથા આ કામના પ્રતિવાદીઓ સુન્ની હનફી સંપ્રદાયમાં માનનારા મુસ્લિમો છે, અને મુસ્લિમ શરીયત મુજબ આ કામના પ્રતિવાદીઓએ વેચી નાખેલ ખેતીની જમીન તથા મકાન તેઓના

હિસ્સામાંથી બાદ કરતા બાકી રહેતી દાવાવાળી રેવન્યુ સર્વે નં.૭૮૦/૧ હેક્ટર ૦–૨૦–૨૩ આરે. આકાર રૂા.૧–૮૧ પૈસાવાળી ખેતીની જમીન તથા રે.સ.નં.૧૧૨૭ પૈકી–૨ હેક્ટર ૦–૯૨–૦૭ વાળી જમીન તથા સીટીસર્વે બ્લોક નં.બી, સીટીસર્વે નં.૩૪૮ ચો.મી.૨૯–૧૭–૧૬ વાળુ મકાન આ ત્રણેય મિલ્કતોમા વાદીઓનો ૧/૩ હકક, હિસ્સો થાય છે, જે હકક, હિસ્સો આપવાનો આ કામના પ્રતિવાદીઓ ઈન્કાર કરતા હાલનો આ દાવો દાખલ કરેલ છે. આપ નામદાર કોર્ટની હકુમતના શહેર પ્રભાસ–પાટણમાં દાવાનુ કારણ ઉત્પન્ન થયેલ છે, અને એ રીતે હાલનો દાવો ચલાવવા આપ નામ. કોર્ટને હકુમત છે, અને હાલના દાવાને મુદ્દતનો કોઈ જ બાધ નડતો નથી. આ દાવાના આધારમા સી.પી.સી.ઓ.૭ રૂલ્સ–૧૪(૧),(૨) મુજબ દસ્તાવેજી પુરાવો રજુ છે. આ દાવાવાળી રેવન્યુ સર્વે નં.૭૮૦/૧ હેક્ટર ૦–૨૦–૨૩ આરે. વાળી જમીનની હદદિશા નીચે મુજબની વિગતે આવેલ છે.

<u>"સ.નં.૭૮૦/૧ ની હદદિશા"</u>

પૂર્વે :–મહંમદભાઈ કાલુભાઈની જમીન આવેલ છે.

પશ્ચિમેઃ–ઘાંચી ઉંમરભાઈ યુસુફની જમીન આવેલ છે.

ઉતરે :–ઘાંચી સીદીભાઈ બબુલની જમીન આવેલ છે.

દક્ષિણે :–કાલુભાઈ રહેમાનભાઈ ગરેડાની જમીન આવેલ છે.

<u>"સ.નં.૧૧૨૭/પૈકી–૨ ની હદદિશા"</u>

પૂર્વે :–નારણ ભગવાન આહીરની જમીન

પશ્ચિમે:– અરસી કાના કારડીયાની જમીન

ઉતરે :–મીઠાપુર જતો ગાડા માર્ગ

દક્ષિણે :–અબ્દ્રેમાન હુસેન ગોવાલ વિગેરેની જમીન

<u>સબબ હાલનો દાવો લાવી દાદ માંગે છે કે,:–</u>

(અ) પ્રભાસ–પાટણના રેવ.સ.નં.૭૮૦/૧ જેના હેક્ટર ૦–૨૦–૨૩ આરે. આકાર રૂા.૧–૮૧ પૈસાવાળી તથા રે.સ.નં.૧૧૨૭/પૈકી–૨ હેક્ટર ૦–૯૨–૦૭ આરે. આકાર રૂા.૨–૫૭ પૈસા જુની શરતની પીયતની ખેતીની જમીન તથા પ્રભાસ–પાટણના સીટીસર્વે બ્લોક નં.બી, સીટી સર્વે નં.૩૪૮ ચો.મી.૨૯–૧૭–૧૬ વાળી મિલ્કત–મકાન મળી બંને મિલ્કતોમા અમો વાદીઓનો મુસ્લિમ શરીયત મુજબ ૧/૩ હિસ્સો થાય છે તેવું ઠરાવી આપી અમો વાદીઓનો થતો હકક, હિસ્સો મીટસ એન્ડ બાઉન્ડથી અલગ કરાવી આપી તેનો પ્રત્યક્ષ, શાંત, ખાલી કબ્જો આ કામના પ્રતિવાદીઓ પાસેથી અપાવવા તેમજ....

(બ) આ દાવાવાળી જમીનમાંથી હિસાબે થતી દરમ્યાન ઉપજની રકમ પ્રતિવાદીઓ પાસેથી અમો વાદીઓને અપાવવા તથા ....

(ક) આ દાવાવાળી મિલ્કત તથા ખેતીની જમીન અન્વયે વાદીઓનો થતો હકક, હિસ્સો અલગ ન થાય ત્યાં સુધી આ કામના પ્રતિવાદીઓ જાતે તથા તેમના નોકર, ચાકર, એજન્ટ, મુખત્યારો, મજુરો, સગા, સબંધીઓ વિગેરે અન્ય કોઈને વેચાણ કરે નહી, કરાવે નહી કે, અન્ય કોઈ રીતે દાવાવાળી મિલ્કત હસ્તાંતર કરે નહીં કે, કરાવે નહી તેવો પ્રતિવાદીઓ વિરૂધ્ધ કાયમી પ્રતિબંધક મનાઈ હુકમ ફરમાવવા તથા ...

(ડ) આ દાવા અરજી અનુસંધાને કાયદા મુજબ મળ શકતી અન્ય દાદ અપાવવા તથા ..

(ઈ) આ દાવા અરજીનો તમામ ખર્ચ આ કામના પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અને તે મુજબ અમો વાદીઓના લાભમા અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ હુકમનામુ ફરમાવવા અરજ છે.

**(૨)** આ કામે પ્રતિવાદીઓને નોટીસ તથા સમન્સ કરવામાં આવતા પ્રતિવાદીઓને નોટીસ/સમન્સ બજી જતાં પ્રતિવાદી નં.૮/૧ થી ૮/૩ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૩૦ થી વાંધા જવાબ રજુ રાખેલ છે જેની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, આ કામમા વાદીઓએ જણાવેલ દાવાવાળી મિલ્કતોમા વાદીઓ જેટલો જ પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ નો હકક, હિત, ભાગ, હિસ્સો થાય છે. ગુજરનાર મોતીબેન ડો./ ઓ. સુલતાન મલેક તથા વાદી નંબર ૧ ફાતમાબેન હુશેનના ગુજરનાર પતી હુશેનભાઈના માતૃશ્રી ગુજ.ચાંદુબેન ડો./ઓ. સુલતાન મલેક બંન્ને ગુજરનાર સુલતાન મલેકની સગી પુત્રીઓ છે. અને બંન્ને સગી બહેનો થતી હતી. વાદીઓએ દાવામા જે ગુજરનાર સુલતાન અલી મલેકના વારસોની વિગત બતાવેલ છે તે ખરી છે. વાદીઓ તથા પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ ગુજરનાર સુલતાન અલીની ગુજરનાર પુત્રીઓ ચાંદુબેન સુલતાન તથા મોતીબેન સુલતાનના વારસો છે. ગુજ. સુલતાન અલી મલેક ગુજરી જતા તેમની કોટુંબીક વંશાવલી જણાવેલ છે. તે ખરી છે અને વાદીઓ તથા પ્રતિવાદીઓ ગુજ. સુલતાન અલી મલેક ના ઉત્તરોત્તરના વારસદારો છે. તે હકીકત ખરી છે. તેમજ દાવાવાળી જમીનનો પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાઓનો પણ કાયદેસરનો હકક, હિસ્સો થાય છે. પ્રભાસ પાટણના રેવન્યુ સર્વે નંબર ૧૨૮૦ વાળી ખેતીની જમીન કે સીટી સર્વે બ્લોક નંબર સીટી સર્વે નંબર ૩ચો.મી. ૪૦ – ૦૪ – ૧૩ વાળુ મકાન પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ નાએ વેચેલ નથી. કે અમો અન્ય

પ્રતિવાદીઓ સાથે મળેલ નથી કે કહેવાતી કોઈ ભાગબટાઈ કરેલ નથી. દાવા અરજી પારા ૪ માં જણાવેલ હકીકતો સર્વાશે ખરી નથી. ઉપરના પારામાં જણાવેલ વિગતે પ્રતીવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ ના અન્ય કોઈ પ્રતિવાદીઓ સાથે મળેલ નથી કે વાદીઓ દાવામા જણાવે છે તેવી કોઈ મિલ્કતો વહેંચેલી નથી કે આ કામના વાદીઓ પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ નાને તા.૨૦/૩/૨૦૧૪ ના રોજ રૂબરૂ મળેલ નથી કે કહેવાતી કોઈ હકીકત જણાવેલ નથી. પ્રતિવાદીઓ નં. ૮/૧ થી ૮/૩ નાએ સ.નં.૭૮૦/૧ કે સ.નં.૧૧૨૭/ પૈકી ૨ વાળી જમીન વેચવા કાઢેલ નથી. સદરહુ ખેતીની જમીનો પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ ના કબજામાં નથી. કે વાદીઓ જણાવે છે તેવો ઉડાઉ જવાબ પ્રતિવાદી નં.૮/૧ થી ૮/૩ નાએ આપેલ નથી. પક્ષકારો સુન્ની હનફી સંપ્રદાયમાં માનનારા મુસ્લિમો છીએ તે હકીકત ખરી છે પરંતુ ઉપરના પારાઓમા વાદીઓ જણાવે છે તેવી કોઈ મિલ્કતો પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાએ વેચાણ કરેલ નથી. તેમજ આ દાવાવાળી મિલ્કતોમા વાદીઓ જેટલો જ પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાનો ભાગ હિસ્સો થાય છે જે મેળવવા પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ ના ભાગ મેળવવા હકકદાર થયા છે. પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ નાએ દાવાવાળી મિલ્કતમા વાદીઓનો થતો હકક, હિસ્સો આપવાનો ઈન્કાર કરેલ નથી કારણ કે દાવાવાળી મિલ્કતો પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ ના કબજામાં નથી. પરંતુ દાવાવાળી મિલ્કતો પૈકી પ્રભાસ પાટણ ના રેવન્યુ સર્વે નંબર ૭૮૦/૧ હે. ૦–૨૦–૨૩ વાળી ખેતીની જમીન હાલ પ્રતિવાદી નંબર ૩ ગુજ. ચાંદ સુલતાન મલેકના વારસો પ્રતિવાદીઓ નં.૩/૧ થી ૩/૩ ના કબજામાં છે. તેમજ રેવન્યુ સર્વે નંબર ૧૧૨૭/પૈકી ૨ હે. ૦–૯૨–૦૭ વાળી ખેતીની જમીન પ્રતિવાદીઓ નંબર ૧/૧ થી ૧/૪ તથા પ્રતિવાદીઓ નં.૩/૧ થી ૩/૩ તથા પ્રતિવાદીઓ નં.૪/૧ થી ૪/૯ તથા પ્રતિવાદીઓ નં.૫/૧ થી ૫/૩ તથા પ્રતિવાદીઓ નંબર ૯ અને ૧૦ ના કબજામાં રહેલી છે તેમજ પાટણ ગામમાં આવેલ સીટી સર્વે નંબર ૩૪૮ ચો.મી. ૨૯ – ૧૭ – ૧૬ વાળુ મકાન પ્રતિવાદીઓ નં.૫/૧ થી ૫/૩ ના કબજામા છે. પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાએ વાદીઓને કહેવાતા અંધારામાં રાખેલ નથી કે ખોટી વારસાઈ નોંધ કરાવેલ નથી કે કહેવાતી કોઈ ભાગ બટાઈ કરેલ નથી કે પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ ના એ કોઈ જમીન કે મકાન વેચેલ નથી. પરંતુ વાદીઓ જણાવે છે તેમ જમીન સર્વે નંબર ૭૮૦/૧ તથા સર્વે નંબર ૧૧૨૭/પૈકી ૨ વાળી ખેતીની જમીનો તથા મકાનમા પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાઓનો

પણ વાદીઓ જેટલો જ હકક, હિત, હિસ્સો થાય છે. પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાએ કહેવાતી કોઈ ધમકી વાદીઓને આપેલ નથી કે જમીન વહેંચી નાખીશું કે તમારે જયાં દોડવુ હોય ત્યાં દોડવાની છુટ છે તેવુ કોઈ પણ વાદીઓને જણાવેલ નથી. ઉપરના પારાઓમા જણાવેલ વિગતે દાવાવાળી મિલ્કતોમા પ્રતિવાદીઓ નં. ૮/૧ થી ૮/૩ નાઓનો કાયદેસરનો હકક, હિત, અને હિસ્સો થાય છે પરંતુ પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ નાઓએ પણ દાવાવાળી મિલ્કતોમાં થતો ભાગ મેળવવા માટે આ કામના પ્રતિવાદીઓ નં.૩/૧ થી ૩/૩ ને રૂબરૂ મળેલા અને તેમના કબજે રહેલ ખેતીની જમીન સર્વે નંબર ૭૮૦/૧ કે જેમા હકક, હિત અને હિસ્સો રહેલ છે તે જમીન પ્રતિવાદીઓ નં. ૩/૧ થી ૩/૩ નાએ વેંચવાની કોશીશ કરતા પ્રતિવાદીઓ નં. ૮/૧ થી ૮/૩ નો થતો હકક, હિસ્સો અલગ કરી તેઓનો ભાગ તેઓને સોંપી આપવા જણાવેલ પરંતુ પ્રતિવાદીઓ નં.૩/૧ થી ૩/૩ નાએ ભાગ આપવાની ના પાડેલ અને આ જમીન વેચાણ કરી નાખવા કોશીશ કરતા પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ નાએ આ કામના પ્રતિવાદીઓ નં.૩/૧ થી ૩/૩ કે જેઓ ગુજ.ચાંદ સુલતાન મલેકના વારસો છે તેઓ સામે સર્વે નંબર ૭૮૦/૧ વાળી જમીનમાંથી ભાગ મેળવવા વેરાવળની નામદાર દિવાની અદાલતમા સ્પે.દિ.મુ. નં.૫૧/ ૨૦૧૩ થી દાવો દાખલ કરેલ જે દાવો હાલ પેન્ડિંગ છે. દાવાવાળી મિલ્કતોમા મુસ્લિમ સરીઅત મુજબ વાદીઓ તથા પ્રતિવાદીઓ નં.૮/૧ થી ૮/૩ કે જે સુલતાન અલી મલેકની દિકરીઓના વારસો દરજજે વારસો છે તેથી તેઓને મુસ્લિમ કાયદા મુજબ પુત્ર વારસ કરતા અડધો હિસ્સો એટલે કે પક્ષકારોમાં છ ભાઇઓ અને બે બહેનો હોય કુલ મિલ્કતના ભાઈઓના ભાગે દરેકને ૧૪.૨૮ ટકા મુજબ ભાગ હિસ્સો મળવા પાત્ર થાય છે અને બે બહેનોને એટલે કે વાદીઓના ગુજ.માતૃશ્રી ચાંદુબેન સુલતાન તથા પ્રતિવાદીઓ નં. ૮/૧ થી ૮/૩ ના માતૃશ્રી મોતીબેન સુલતાન દિકરીઓ હોય મુસ્લિમ કાયદા મુજબ પુરૂષ કરતા અડધો એટલે કે વાદીઓને ૭.૧૪ ટકા અને પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ ના હિસ્સે ૭.૧૪ ટકા મુજબ ભાગ થાય છે. આમ પ્રતિવાદીઓ નંબર ૮/૧ થી ૮/૩ નો દાવાવાળી મિલ્કતમા થતો ૭.૧૪ ટકા થતો હિસ્સો અથવા તો કાયદેસરનો થતો હિસ્સો અલગ કરી સોંપાવી આપવા વિનંતી કરી છે.

(૩) આ કામે પ્રતિવાદીઓને નોટીસ તથા સમન્સ કરવામાં આવતા પ્રતિવાદીઓને નોટીસ/સમન્સ બજી જતાં પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૯ તથા પ્રતિવાદી

નં.૫/૧ થી ૫/૩ તથા પ્રતિવાદી નં.૧૦ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૪૭ થી વાંધા જવાબ રજુ રાખેલ છે જેની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, વાદીની દાવા અરજી પારા–૧, પારા–૨, પારા–૨ ના પેટા પારા–૧ માં જણાવેલ હકીક્ત ખરી છે. વાદીઓની દાવા અરજી પારા–૩ માં જણાવેલ હકીકત અંગે કોઈ જાત માહિતી નથી. જેથી તે અંગે કશુ કહેવા માંગતા નથી. વધુમાં દાવા અરજીની હકિકતનો મહદઅંશે ઈન્કારીયત કરી ખરી હકિકતે જણાવેલ છે કે, ગુજ. સુલતાન અલી મલેક સને–૧૯૯૫ ની સાલમાં ગુજરી ગયેલ છે. અને તેમના ગુજરી ગયા બાદ સદર જમીન તેઓને ભાયા ભાગથી મળેલ છે, અને તે વખતે મોતીબેન તથા ચાંદુભાઈ જે પ્રતિવાદી નં.૯ અને ૧૦ ની સગી બહેનો થતી હતી, અને તેણીઓને જે તે વખતે અમોએ જણાવેલ કે, જયારે અમે જમીન વેચશુ ત્યારે અમારો જે કાંઈ હકક, હિસ્સો થશે તે અમો તમને આપી દઈશુ. તેવુ જણાવેલ અને તેથી અમોએ વારસાઈ નોંધમાં તેણીઓના નામ બતાવેલા નહીં, અને જે તે વખતે સ.નં. ૧૨૮૦ વાળી જમીન અલી સુલતાન મલેક, હુશેન સુલતાન મલેક, રહેમાન સુલતાન મલેક તથા ગની સુલતાન મલેક એ અગાઉ જમીન વેચેલ તે વખતે તેણીઓને રોકડ રકમ ચુકવી આપેલ હતી, અને એ રીતે હાલના વાદીઓએ તેઓની સામે તદ્દન ખોટો દાવો દાખલ કરેલ છે. તેઓ જયારે પણ બાકી રહેતી જમીન વેચીશુ ત્યારે વાદીઓને તેમનો હકક, હિસ્સાની રકમ ચુકવી આપીશુ, અને એ રીતે વાદીઓએ તેઓની સામે તદ્દન ખોટો દાવો દાખલ કરેલો, વાદીઓનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ છે. ઉપરોકત તમામ હકીકતે વાદીઓની દાવા અરજી પારા–૯ ના પેટા પારા–અ, બ, ક, ડ, ઈ થી માંગેલી દાદો પૈકી એક પણ દાદ તેઓની પાસેથી માંગવા, મેળવવા હકકદાર થતા નથી. વાદીએ દાવાવાળી જમીનની કિંમત રૂા.૧,૨૦,૫૨,૦૦૦/– દર્શાવેલ છે તે બજાર કિંમત કરતા પણ વધુ દર્શાવેલ છે, અને તેથી પણ વાદીઓનો દાવો રદ થવા પાત્ર છે. ઉપરોકત તમામ હકીકતે વાદીઓનો દાવો રદ કરવા વિનંતી કરી છે.

(૪) આ કામે પ્રતિવાદીઓને નોટીસ તથા સમન્સ કરવામાં આવતા પ્રતિવાદી નં.૧/૧/૧/ થી ૪, ૩/૧ થી ૩, ૬/૨ થી ૪ ઓને નોટીસ/સમન્સ બજી જતાં પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક–૫૯ થી સંયુકત વાંધા જવાબ રજુ રાખેલ છે જેની સંક્ષિપ્તમાં હકિકત એવી છે કે, વાદીના દાવા અરજીના પેરાની મહંદઅંશેની હકિકતોની ઈન્કારી કરી ખરી હકિકતે જણાવેલ છે

કે, વાદીઓ ગુજરનાર અલી મીરાજી કે સુલતાન અલીના વારસદાર છે જ નહી જો વાદીઓ અલી મીરાજી તેમજ સુલતાન અલીના વારસદાર હોય તો સૌપ્રથમ વાદીઓએ નામદાર કોર્ટ પાસેથી વારસાઈ પ્રમાણપત્ર મેળવવું જોઈએ પરંતુ, વાદીઓએ આવો કોઈ વારસાઈ પ્રમાણપત્ર નામદાર કોર્ટ પાસેથી મેળવેલ નથી. હાલના તબકકે પ્રભાસ પાટણ ગામે ખેતીની જમીનમાં તેજી આવેલ હોય પ્રતિવાદીઓની ખેતીની જમીન ભાઇઓ ભાગમાં વહેંચણી થતાં પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૪ નાને રે.સ.નં.૧૩૯ પૈકી હિસ્સે આવેલ હોય તેમજ પ્રતિવાદી નં.૩/૧ થી ૩/૩ ને રે.સ.નં.૭૮૦/૧ ની હિસ્સે આવેલ હોય સદરહુ જમીન પ્રભાસ પાટણ ગામની તદ્દન નજીકમાં બાયપાસ રોડ પાસે આવેલ હોય પ્રતિવાદીનું ખેતીની જમીનના ભાવ આસમાને પહોંચેલ હોય જેથી પ્રતિવાદી નં.૪,૫,૬,૭,૮ ના વારસો તેમજ પ્રતિવાદી નં.૯,૧૦ ના તેમજ વાદીઓ અંદરો અંદર મિલાપી જઈ પ્રતિવાદીઓની ખેતીની જમીનની કિંમત ધટાડવા માટે હાલનો આ દાવો દાખલ કરેલ છે. આ કામના પ્રતિવાદી નં.૮ ના વારસોએ પ્રતિવાદીઓ સામે નામદાર વેરાવળના સીની.સીવીલ જજ સાહેબની કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૫૧/૨૦૧૩ થી મનાઇહુકમ તેમજ હિસ્સો અલગ ઠરાવી આપવા અંગેનો દાવો દાખલ કરેલ જે દાવાના કામે નામદાર કોર્ટે મનાઈહુકમની અરજી નામંજુર કરેલ જેની સામે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં રીવીઝન દાખલ થયેલ જે રીવીઝન પણ નામદાર હાઈકોર્ટે રદ્દ કરેલ. જે દાવો હાલ નામદારો કોર્ટમાં પુરાવાના સ્ટેજે પેન્ડીંગ છે જેથી આ કામના વાદી અને પ્રતિવાદી અંદરો અંદર મીલાપી જઈ ફરી વખત સદરહુ જમીનમાં નવો દાવો લઈ નામદાર કોર્ટ સમક્ષ આવેલ છે. આ કામે વાદીઓએ પ્રતિવાદી નં.૫,૯ અને ૧૦ ના હિસ્સે જે ખેતીની જમીન આવેલ છે તે જમીનની કોઈ વિગત દાવા અરજીમાં જણાવેલ નથી કે તે જમીનમાંથી કોઈ હિસ્સો અલગ કરી આપવાની દાદ માગેલ નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ્દ કરવા વિનંતી કરી છે.

(૫) દાવાના સમર્થનમાં વાદીએ નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે.

**-:: મૌખિક પુરાવા ::-**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી નં.૧ હારૂન હુશેન મલંગનું સરતપાસનું સોગંદનામું. | ૯૬ |

**–:: દસ્તાવેજી પુરાવા ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | હકકપત્રક એન્ટ્રી નં.૩૮૦ ની ખરી નકલ. | ૧૦૦ |
| ૨. | હકકપત્રક એન્ટ્રી નં.૧૦૩૫ ની ખરી નકલ. | ૧૦૧ |
| ૩. | હકકપત્રક એન્ટ્રી નં.૫૬૭૨ ની ખરી નકલ. | ૧૦૨ |
| ૪. | હકકપત્રક એન્ટ્રી નં.૫૬૮૩ ની ખરી નકલ. | ૧૦૩ |
| ૫. | સ.નં.૧૧૨૭/પૈકી ૨ ની ૮ અ ની ખરી નકલ. | ૧૦૪ |
| ૬. | સ.નં.૧૧૨૭/પૈકી ૨ ની ૧૨ ની ખરી નકલ. | ૧૦૫ |
| ૭. | સ.નં.૧૧૨૭/પૈકી ૨ ની ૭ ની ખરી નકલ. | ૧૦૬ |
| ૮. | સીટી સર્વેનું પેઢીનામાનું રોજકામ ખરી નકલ. | ૧૦૭ |
| ૯. | સીટી સર્વે બ્લોક બી સ.નં.૩૪૭ ની પ્રોપર્ટીકાર્ડની ખરી નકલ. | ૧૦૮ |
| ૧૦. | સીટી સર્વે બ્લોક બી સીટી સર્વેના ૩૪૮ ની પ્રોપર્ટીકાર્ડની ખરી નકલ. | ૧૦૯ |
| ૧૧. | સ.નં.૭૮૦/૧ નમુનો–૭ ની ખરી નકલ. | ૧૧૦ |
| ૧૨. | સ.નં.૭૮૦/૧ નમુનો–૮ અ ની ખરી નકલ. | ૧૧૧ |
| ૧૩. | સ.નં.૭૮૦/૧ નમુનો–૧૨ ની ખરી નકલ. | ૧૧૨ |
| ૧૪. | સ.નં.૭૮૦/૧ ની હકકપત્રક એન્ટ્રી નં.૧૧૪૭૩ ની ખરી નકલ. | ૧૧૩ |
| ૧૫. | દાવાવાળી જમીનો પૈકી સ.નં.૭૮૦/૧ વાળી જમીન અંગે સ્પે.દિ.મુ.નં.૫૧/૨૦૧૩ ના કામે થયેલ જજમેન્ટ તથા હુકમનામાની ખરી નકલ. | ૧૧૪ |

(૬) વાદીઓ તરફે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ વિશેષ પુરાવો ન હોય તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૧૬૪ થી રજુ કરેલ છે.

(૭) પ્રતિવાદી નં.૧/૧/૧ થી ૪ તથા ૩/૧ થી ૩, ૬/૨ થી ૪ તરફે નીચે મુજબ દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રભાસપાટણ ગામના ખાતા નંબર ૨૪૧૧ ની ૮–અ ૭.૧૨ ખરી નકલ | માર્ક ૬૦/૧ |
| ૨. | પ્રભાસપાટણ ગામના ખાતા નંબર ૩૮૦ ૭૦૫ ની ૮–અ ૭.૧૨ ખરી નકલ | માર્ક ૬૦/૨ |
| ૩. | પ્રભાસપાટણ ગામના ખાતા નંબર ૨૪૧૧ તથા ૩૮૦ તથા ૭૦૫ તથા સર્વે નંબર ૭૮૦/૧ ની હકકપત્રક ૬ | માર્ક ૬૦/૩ |

| | | |
|---|---|---|
| | ની ખરી નકલ | |

(૮) પ્રતિવાદી નં.૪/૧ થી ૪/૯ તથા ૫/૧ થી ૫/૩ તથા નં.૯/૧ થી ૯/૬ તથા નં.૧૦ તરફે ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયા બાદ વિશેષ પુરાવો રજુ કરવો ન હોય તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૧૬૫ થી રજુ કરેલ છે.

(૯) પ્રતિવાદી નં.૧,૩,૬,૭,૮ તરફે પુરાવો રજુ કરવા માગતા ન હોય તે મતલબની કલોઝીંગ પુરસીસ આંક–૧૬૯ થી રજુ કરેલ છે.

**<u>આ કામે વાદીઓ તરફે લેખિત દલીલ સંક્ષિપ્તમાં</u>**

(૧૦) વાદીના વિ.વ.શ્રીએ આંક–૧૭૦ થી દલીલ કરતા જણાવેલ છે કે વાદીઓ ગુજરનાર ચાંદુબેનના વારસદારો હોવાનું અને ગુજરનાર ચાંદુબેન સુલતાનભાઈના પુત્રી હોવાનો પુરાવો રજુ કરેલ છે તેમાં પ્રતિવાદીઓ દ્વારા કોઈ તકરાર લેવામાં આવેલ નથી. પ્રતિવાદીઓ દ્વારા તેઓના જવાબ વંચાણે લેતા વારસો થતા હોવા અંગે કોઈ તકરાર લીધી નથી. માત્ર વારસા પ્રમાણપત્ર નહી મેળવેલ હોવાથી તેને કોઈ અસર થતી નથી. વાદગ્રસ્ત મિલકત ગુજરનાર સુલતાનભાઈની માલીકીની હતી. તેઓનું મરણ થતા અન્ય વારસદારો સાથે તેઓની પુત્રી ગુજરનાર ચાંદુબેન પણ તેમાં હિસ્સો મેળવવા હકકદાર હતા. અને આ ચાંદુબેન તે આ કામના વાદીઓના લીનીયર ઈન એન્ટ હોય વાદીઓ વાદગ્રસ્ત મિલકતમાં હકક અધિકાર ધરાવે છે. વાદી તરફે આંક–૧૦૦ થી ૧૧૩ સુધીના વાદગ્રસ્ત મિલકતના માલીકી અંગે રેવન્યુ નોંધ થતા સીટી સર્વે કચેરીની નોંધ કે જે વર્ષોથી છે તે રજુ કરેલ છે અને આંક–૧૦૭ થી રોજકામ રજુ છે તેમાં વારસોના નામ સ્પષ્ટ દર્શાવેલા છે. આ દસ્તાવેજોની નોંધ કરતા પ્રતિવાદી દ્વારા કોઈ વિરૂધ્ધનો પુરાવો રજુ કરેલ નથી. તેથી વાદીએ પોતાનો કેસ દસ્તાવેજી અને મૌખિક પુરાવાથી સાબીત કરેલ હોય વાદગ્રસ્ત મિલકતમાં ૧/૩ હિસ્સો મેળવવા હકકદાર બને છે.

**<u>આ કામે પ્રતિવાદીઓ તરફે મૌખિક દલીલ સંક્ષિપ્તમાં</u>**

(૧૧) પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, વાદી ચોખ્ખા હાથે આવેલ નથી કારણ કે ગુજરનારના વારસ હોવાનો પુરાવો નથી. દાવાનું કારણ ૨૦૧૪ નું, આંક–૧૦૦ થી નોંધ નં.૩૮૦ વાળી ચેલેન્જ જે નોંધ સને–૧૯૫૫ નો છે. આંક–૧૦૧ મુજબ વાદી–પ્રતિવાદીના વારસોની નોંધ. ૧૯૯૦ ની વારસાઈ

નોંધ ચેલેન્જ કરેલ નથી. વાદીનો દાવો નોંધ ચેલેન્જ તે સમય મર્યાદા બાધ. કૌટુંબીક વહેંચણીની નોંધ છતાં તેની જાણ નથી તે ખોટું અયોગ્ય ખોટી હકિકતથી દાવો. આંક–૯૬ ની ઉલટ ધ્યાને લેતા વાદી કાંઈ જાણતા નથી તે હકિકત સ્પષ્ટ કરે છે કે દબાણ કરવા ખોટી રીતે દાવો લાવેલ છે.

**(૧૨)** આ કામે આંક–૮૬ થી તા.૨૧/૦૧/૨૦૧૯ ના રોજ નીચે મુજબના મુદ્દા ફ્રેમ કરેલા છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ ગુજરનાર મલેક અલીમિરાજીના ઉતરોતર કાયદેસરના વારસદારો છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી મિલકતોમાં તેઓનો મુસ્લીમ શરીયત અનુસાર ૧/૩ હક, હિસ્સો થાય છે ?

(૩) શું વાદી પ્રતિવાદી નં.૪, પ્રતિવાદી નં.૫ તથા પ્રતિવાદી નં.૯ થી ૧૦ નાઓ પુરવાર કરે છે કે, ગુજરનાર સુલતાન અલી મલેક નાઓ ગુજરી જતા દાવાવાળી જમીન તેઓને ભાયાભાગથી મળેલ છે ?

(૪) શું વાદી પુરવાર કરે છે કે, તેઓ દાવા અરજીના પેરા–૯ (અ) થી (ઈ) માં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ અને હુકમનામું ?

**(૧૩)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય નીચે મુજબ છે.

(૧) **હકારમાં**

(૨) **અંશતઃહકારમાં**

(૩) **નકારમાં**

(૪) **અંશતઃહકારમાં**

(૫) **આખરી હુકમ મુજબ.**

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર–૧**

**(૧૪)** વાદગ્રસ્ત મિલકતમાં અધિકાર અને હિત વારસદાર દરજજે માંગણી કરવામાં આવેલ છે. એટલે બે મહત્વની બાબતો અદાલતે નકકી કરવાની છે. તેમા પહેલી કે વાદીઓ આવી રીતેની મિલકતના માલિકના કાયદા મુજબના વારસદારો છે કે નહીં. અને બીજી કે વાદગ્રસ્ત મિલકત વડીલોપાર્જીત મિલકત છે કે નહીં.

વાદગ્રસ્ત મિલકત સંબંધે આ કામના વાદીઓ ગુજરનાર ચાંદુબેનના વારસદાર દરજજે હાલમા પોતાનો હક કલેઇમ કરી રહયા છે. ચાંદુબેન ગુજરનાર સુલતાન મલેકના દિકરી હતા. અને આ સુલતાન મલેક અલીમીરાજીના પુત્ર હતા. અને દાવા અરજીમા પણ તેવી રીતે હકીકતો દર્શાવેલી છે.

આંક–૫૯ થી પ્રતિવાદી નં. ૧/૧/૧ થી ૪ તથા ૩/૧ થી ૩ તથા ૬/૨ થી ૪ સુધીના પ્રતિવાદીઓનો જવાબ રજુ છે. તેઓએ વાદીને સુલતાન અલીના વારસદારો હોવાની હકીકતો ઇન્કારીને જણાવેલ છે કે જો વારસદારો આવી રીતે હોત તો કોર્ટ પાસેથી વારસાઇ પ્રમાણપત્ર મેળવવુ જોઇએ જે મેળવેલ નથી.

જયારે આંક–૩૦ થી પ્રતિવાદી નં. ૮/૧ થી ૩ નો જવાબ રજુ છે. તેઓએ પોતાના જવાબમાં સ્વીકારેલ છે કે વાદીઓ અને પ્રતિવાદીઓ ગુજરનાર સુલતાન અલી મલેકના ઉતરોતર વારસદારો છે. અને તેઓનો પણ વાદગ્રસ્ત મિલકતમા વાદીની જેમ વારસદારો દરજજે હિત અને અધિકાર આવેલ છે. અને તેઓએ વેરાવળની કોર્ટમા સ્પેશ્યલ દિવાની મુકદમા નં. ૫૧/૨૦૧૩ થી પોતાના હકક–હિસ્સાના વિભાજન માટે દાવો પણ કરેલ છે.

આંક–૪૭ થી પ્રતિવાદી નં. ૪/૧ થી ૯ તથા ૫/૧ થી ૩ તથા ૯ અને ૧૦ ના વાંધા–જવાબ રજુ છે અને તેઓએ પણ વાદીઓની દાવા અરજીમા કૌટુબીક વંશવૈલી અંગેની હકીકત ખરી હોવાનુ જણાવેલ છે અને તેઓનો પણ વાદગ્રસ્ત મિલકતમા હકક અધિકાર હોવાનુ જાહેર કરેલ છે.

આમ, તમામ પક્ષકારોના પ્લીડીંગ ધ્યાને લેતા સ્પષ્ટ છે કે આ કામના વાદીઓ ચાંદુબેન (ગુજરનાર) ના સંતાનો છે. અને આ ચાંદુબેન તે સુલતાન અલી મલેકના પુત્રી હતા. તેથી આવી પેઢીગત વારસાઇ અંગે, સંતાનોના પિતૃઓ અંગે કોઇ વિરૂધ્ધની કે શંકાસ્પદ હકીકત જણાતી નથી. જયારે પક્ષકારો આવી રીતે વારસ દરજજે સામ–સામે લડતા હોય અને માત્ર પ્રતિવાદીઓ નં. ૧/૧/૧ થી ૪ તથા ૩/૧ થી ૩ તથા ૬/૨ થી ૪ સુધીના આવી વારસાઇનો ઇન્કાર કરતા હોય પરંતુ ઇન્કારીનો જવાબ યોગ્ય ખુલાસાના બદલે માત્ર ફોર્મલ સ્વરૂપે અને વારસાઇ પ્રમાણપત્ર નહી હોવાના કારણસર કરતા હોય તેઓની તકરાર ટકી શકે નહીં.

આંક–૯૬ થી વાદી તરફે નં. ૧ હુસેનભાઇનો પુરાવો રજુ થયેલ છે તેઓએ પોતાના પુરાવાના સોંગદનામામાં પણ પેઢીનામું દર્શાવેલ છે અને તેના પુર્વજોના નામની હકીકતો જાહેર કરી છે. હા, તેઓની ઉલટતપાસ દરમ્યાન ધણી હકીકતો

કે જે મહત્વની કહી શકાય તેના જવાબ ખબર નથી તેવા સ્વરૂપમાં આવેલા છે. પરંતુ તેઓ ચાંદુબેનના વારસદાર નથી, ચાંદુબેન સુલતાનઅલીના વારસદારના હતા અને સુલતાનઅલી અલી મિરાજીના વારસદાર ન હતા તેવી કોઈ તકરાર જ લેવામાં આવેલ જ નથી અને તે મુદા અંગે શંકા થાય તેવી હકીકતો ઉલટતપાસમાં બહાર આવી નથી. તે સંજોગોમાં વાદીઓએ પોતાની દાવા અરજીમા જે વારસાઇ પેઢી નામ જણાવેલ છે તે વારસાઇ પેઢી નામ સ્પષ્ટપણે પુરવાર થાય છે.

આંક–૯૧/૧ થી નામદાર પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ગીર સોમનાથ જીલ્લો મુકામ વેરાવળ વાળાનું જજમેન્ટ પ્રમાણિત નકલમાં રજુ છે. તે જજમેન્ટ પણ આ કેસ વાળા પક્ષકારો અને વાદગ્રસ્ત મિલકતનું જ છે. તેમાં પણ આ કામના વાદીઓને ગુજરનાર ચાંદુબેન સુલતાનભાઈ મલેક ના વારસદારો તરીકે જ ઠરાવેલા છે.

આમ, આ કામના વાદીઓ દાવા અરજી, પ્રતિવાદીઓના જવાબ, વાદીના મૌખિક પુરાવા તથા સદર આંક–૯૧/૧ વાળા જજમેન્ટ આધારે સ્પષ્ટ સાબીત કરે છે કે તેઓ ગુજરનાર ચાંદુબેન ડો./ઓ. સુલતાન મલેકના વારસો છે. ગુજરનાર સુલતાન મલેક અલી મીરાજીના વારસદાર છે. આમ, વાદીઓ ઉત્તરોતર મલેક અલી મીરાજીના વારસદારો છે તેથી **મુદ્દા નંબર–૧ નો જવાબ હકારમાં** આવે છે.

**<u>મુદ્દા નંબર–૨ અને ૩(હકિકતો એકબીજા સાથે જોડાયેલી હોય સરળતા ખાતર બંન્ને મુદ્દાની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે)</u>**

(૧૫) વાદી જે મિલકત માટે દાવો લાવેલ છે તે મિલકતોની વિગત ક્રમશઃ નીચે મુજબ છે.

| ક્રમ નંબર | મિલકતના સર્વે/સીટી સર્વે નંબર | મિલકતનો પ્રકાર | માલીકીનો આધાર |
|---|---|---|---|
| ૧ | બ્લોક નં.બી સીટી સર્વે નંબર-૩૪૮ | રહેણાંક | પ્રોપર્ટી કાર્ડ (આંકેલું કાર્ડ) |
| ૨ | રેવન્યુ સર્વે નં.૭૮૦/૧ | ખેતી | હકકપત્રક (ગામના નમુના નંબર-૬) |
| ૩ | રેવન્યુ સર્વે નં.૧૧૨૭ પૈકી | ખેતી | હકકપત્રક (ગામના નમુના નંબર-૬) |
| ૪ | | | |

આંક–૧૦૦ થી ૧૧૩ સુધી સદર મિલકતોની માલીકી દર્શાવતી વારસાઈ નોંધ રજુ કરવામાં આવી છે. તેમાં ખાસ કરીને આંક–૧૦૭ થી રોજકામ રજુ છે. આ રોજકામમાં વાદીઓ અને પ્રતિવાદીઓનો ઉત્તરોતર પેઢી આંબો દર્શાવેલ છે. જે ખૂબ રીલેવન્ટ હોય નીચે રીપ્રોડયુસ કરવામાં આવે છે.

(૧) ગુજ.સુલતાન અલી મલેકના વારસો

||

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજ.વિ.ફાતિમા, | ગુજ.મીરાજી, | ગુજ.ચાંદ, | ગુજ.અલી, | હુશેન, | રહેમાન, | ગુજ.ગની, | ગુજ.ચાદુબેન | ગુજ.મોતીબેન |
| પત્ની | (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્ર | પુત્રી | પુત્રી |

સદર વારસાઈને કોન્ટ્રાડીક કરતો કોઈ પુરાવો રેકર્ડ પર નથી. તેમાં કોઇ શંકા નથી કે મિલકતનું ટાઇટલ આવી રેવન્યુ નોંધ આધારે પુરવાર થતું નથી. પરંતુ જયારે આવી નોંધ લાંબા સમયથી હોય ત્યારે તે નોંધની તરફેણમાં અનુમાન જરૂર ઉભું થાય છે. સદર વાદગ્રસ્ત મિલકત અંગે આંક–૧૦૦ થી ૧૧૩ સુધીના દસ્તાવેજો રજુ છે તેમાં ઉપરોકત પેઢી આંબામાં સાત નંબર તરીકે જે ચાંદુબેન (ગુજરનાર) નું નામ દર્શાવેલ છે તેના વારસદારો આ કામના વાદીઓ છે. અને આ ચાંદુબેન ગુજરનાર સુલતાનભાઈની પુત્રી હતી અને સુલતાનભાઈના વાદીઓ સહીત પ્રતિવાદીઓ ઉત્તરોતર વારસદારો છે અને સદર ટેબ્યુલર ફોર્મમાં દર્શાવવામાં આવેલ મિલકત મુળ આ સુલતાનભાઈની માલીકીની હતી. તે હકિકત આ આંક–૧૦૦ થી ૧૧૩ વાળા રેવન્યુ નોંધ સ્વરૂપના દસ્તાવેજો, વાદી તથા પ્રતિવાદીઓના પ્લીડીંગ અને આંક–૯૧/૧ થી રજુ નામદાર સીનીયર સીવીલ જજ સાહેબનું જજમેન્ટ પરથી સ્પષ્ટ થાય છે.

આ સંજોગોમાં વાદગ્રસ્ત મિલકતમાં પ્રતિવાદીઓની સાથે વાદીઓ પણ ગુજરનાર ચાંદુબેનના વારસદારો દરજજે હકક–અધિકાર ધરાવે છે તેમાં કોઈ બેમત નથી.

પ્રતિવાદી નંબર–૧/૧/૧ થી ૪ તથા ૩/૧ થી ૩ તથા ૬/૨ થી ૪ દ્વારા વાદગ્રસ્ત મિલકતની વારસદારો વચ્ચે વહેંચણી થઈ ગઈ છે તેવી તકરાર લીધી છે અને તેવી નોંધ હોય તેની પણ તકરાર લીધી છે.

માત્ર આવી નોંધ હોવાથી આવી વહેંચણી થયેલી તે હકિકત સ્વીકારી કે માની શકાય નહી. કારણ કે તેમાં વાદીઓ તથા અન્ય પ્રતિવાદીઓને કોઈ અવેજ મળેલ હોય કે તેઓના વતી કોઈને અવેજ મળેલો હોય તેના પુરાવા નથી. ઉપરાંત વહેંચણી થાય તો આટલા બધા વારસોમાંથી માત્ર બે વારસોને જ હિસ્સો આવે તો બીજા વારસદારોને અવેજનો લાભ મળેલો છે અથવા તો નથી મળેલો તેમ માનવાનું થાય. આ બંન્નેય સંજોગોમાં સ્થાવર મિલકત હોય તેની નોંધણી ધી રજીસ્ટ્રેશન એકટ–૧૯૦૮ ની કલમ–૧૭ મુજબ થવાનું ફરજીયાત હતું જે થયેલ નથી. તેથી આવી કંમ્પલસરી ડયુટી ફેઈલ કરીને વ્યવહાર કરેલ હોય તો આવો વ્યવહાર પુરવાર કરવાની સંપુર્ણ જવાબદારી વ્યવહાર થયો છે (મિલકતની વારસો વચ્ચે વહેંચણી) તેમ કહેનાર પર હોય છે. હા, આ પ્રતિવાદીઓએ આવું પ્લીડીંગ કરેલ છે પરંતુ તેવા પ્લીડીંગના સમર્થનમાં કાયદા મુજબ ટકી શકે તેવો કોઈ પુરાવો રજુ નથી. તેથી પ્રતિવાદીઓનો બચાવ કે અગાઉ વાદગ્રસ્ત મિલકતની વહેંચણી થઈ ગયેલી તે ટકી શકે નહી.

વાદીઓનો વારસાઈ હકક ઓપન થતા અને પ્રતિવાદીઓ તેઓને વારસદારો દરજજે હિસ્સો આપવા સહમત નહી હોય રેવન્યુ રેકર્ડમાં (ગમે તેટલા સમય પહેલા.) અયોગ્ય રીતે અને જરૂરી પક્ષકારોની ગેરહાજરીમાં નોંધ થઈ હોય આ દાવાને સમયમર્યાદાનો કોઈ બાધ નડતો નથી.

આમ, વાદગ્રસ્ત મિલકતમાં પ્રતિવાદીઓની સાથે આ કામના વાદીઓનો પણ ગુજરનાર ચાંદુબેનના વારસદારો દરજજે હકક અધિકાર થાય છે અને તેઓના હિસ્સા માટે તેઓ હકકદાર બને છે.

**<u>વાદીઓને કેટલો હિસ્સો મળવાપાત્ર છે.</u>**

**(૧૬)** કોઈ કોડીફાઈડ કાયદો નથી. પરંતુ આવો લાભ મિલકત ધારણ કરનારનું મૃત્યુ થાય તે સંજોગોમાં ઉત્પન્ન થાય છે. જે હાલના કેસમાં પણ છે. વાદગ્રસ્ત મિલકતમાં આ કામના વાદીઓ ગુજરનાર ચાંદુબેનના વારસદારો હોય અને ચાંદુબેન સુલતાનભાઈની દીકરી હોય સુલતાનભાઈને કુલ આઠ સંતાનો હોય આઠેય સંતાનોને હિસ્સો મળવાપાત્ર છે. પક્ષકારોના પર્સનલ લો મુજબ પુત્રીને પુત્ર કરતા અડધો હિસ્સો મળવાપાત્ર છે. હાલના કેસમાં સુલતાન અલીના આઠ સંતાનો હતા તેમાં છ પુત્ર નામે મીરાજી, ચાંદ, અલી, હુસેન, રહેમાન અને ગની. અને બે પુત્રીઓ હતી ચાંદુબેન(આ કામના વાદીના લીનીયર) અને મોતીબેન.

તેથી વાદીઓ આ ચાંદુબેનના હિસ્સામાં આવતો ભાગ મેળવવા હકકદાર થાય છે. તેથી કુલ આઠ વારસદારોની સંખ્યા અને તેમાં બે પુત્રીઓને વારસ ગણતા વાદીઓ ગુજરનાર ચાંદુબેનના ૭.૧૪૨ ટકા (૧/૧૪) મેળવવા હકકદાર છે. આમ**, મુદ્દા નંબર–૨ નો જવાબ અંશતઃહકારમાં** આપવામાં આવે છે. અને મુદ્દા **નંબર–૩ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે અને આવી રીતે વાદીઓ આવો હિસ્સો મેળવવા હકકદાર હોય મુદ્દા નંબર–૪ મુજબની સંપુર્ણ દાદ મેળવવા હકકદાર નથી(કારણ કે હકકદાર કરતા વધુ હિસ્સાની માગણી છે) તેથી **મુદ્દા નંબર–૪ નો જવાબ અંશતઃહકારમાં** આપી મુદ્દા નંબર–૫ અંગે નીચે મુજબનો આદેશ પસાર કરવામાં આવે છે.

## –:: પ્રાથમિક આદેશ ::–

(૧) આ દાવો આથી **અંશતઃમંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના વાદીઓ સંયુકત રીતે (ગુજરનાર ચાંદુબેનનો હિસ્સો) ૭.૧૪૨ ટકા (૧/૧૪) મેળવવા હકકદાર છે તેમ ઠરાવી વાદગ્રસ્ત ત્રણેય મિલકતમાંથી વાદીઓને સંયુકત રીતે તેઓનો સદર ભાગ પાર્ટીશનથી–મિટસ એન્ડ બાઉન્સથી અલગ કરી આપવા અને કબજો સોપી આપવા આથી આદેશ કરવામાં આવે છે.

(૩) વાદગ્રસ્ત મિલકત પૈકી રહેણાંક મકાનનો હિસ્સો કરવા ચીફ ઓફીસરશ્રી, વેરાવળ–પાટણ સંયુકત નગરપાલિકાને જાતે કે જવાબદાર અધિકારી મારફતે સદર હિસ્સો (માપસાઈઝ) થી અલગ કરી આપવા આદેશ કરવામાં આવે છે.

(૪) વાદગ્રસ્ત મિલકત પૈકી બંન્ને ખેતીની જમીનોનો હિસ્સો કરવા કલેકટરશ્રી ગીર સોમનાથ જિલ્લો ને જાતે કે જવાબદાર અધિકારી મારફતે સદર હિસ્સો માપસાઈઝ અને મીટસ અને બાઉન્ડસથી અલગ કરી આપવા આદેશ કરવામાં આવે છે.

(૫) સદર બંન્નેય કચેરી વેરાવળ–પાટણ સંયુકત નગરપાલીકા અને કલેકટર કચેરી દ્વારા આ આદેશનું પાલન યાદી મળ્યેથી મહત્તમ ત્રણ મહીનામાં પુર્ણ કરી અદાલતને વિગતવારનો લેખિત રીપોર્ટ કરવાનો રહેશે.

(૬) આ હુકમની અમલવારી માટે તુરંત જરૂરી યાદી/નોટીસ કરવી.

(૭) દાવાનો ખર્ચ પ્રતિવાદી નંબર–૧/૧/૧ થી ૪ તથા ૩/૧ થી ૩ તથા ૬/૨ થી ૪ નાઓએ પોતાનો તથા તમામ વાદીઓનો અને અન્ય પ્રતિવાદીઓનો પણ ચુકવવાનો અને ભોગવવાનો રહેશે.

(૮) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૨૦મી, માહે–નવેમ્બર, સને–૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૧૧ /૨૦૨૫
વેરાવળ.

**(પ્રીતેશ ઉપેન્દ્રકુમાર અંધારિયા)**
એડીશ્નલ સીનીયર સીવીલ જજ, વેરાવળ.
ગીર સોમનાથ
યુઆઈડી નંબરઃ (GJ01119)

Nikhila, P.A. (Guj.Steno.)